# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી                                                     તા. ૨૪-૦૯-૨૦૨૨

- **દરરોજ સવારે ૬ કલાકે પૂજ્ય ગાંધી બાપુની પ્રિય પ્રાર્થના 'વૈષ્ણવજન તો તેને કહીએ' 'રઘુપતિ રાઘવ રાજા રામ' બાદ 'ભારત જોડો યાત્રા' પ્રસ્થાન કરે છે.**
- **આઝાદીની લડાઈ વખતે જે લોકોએ "ભારત છોડો"નું સમર્થન નહોતું કર્યું તે વિચારધારા આજે પણ "ભારત જોડો"નો વિરોધ કરે છે**
- **દુનિયામાં કોઈ પણ રાજનૈતિક પાર્ટીના ઇતિહાસમાં ક્યારેય ન યોજાઇ હોય તેવી વિશાળ- લાંબી યાત્રા લઈને આદરણીય શ્રી રાહુલ ગાંધી નીકળ્યા છે.**

ઐતિહાસિક ભારત જોડો યાત્રા મળી રહેલ અદભુત પ્રતિસાદ અને સફળતા અંગેની વિશેષ પત્રકાર પરિષદને સંબોધન કરતા પૂર્વ કેન્દ્રીય મંત્રી એઆઇસીસીના મહામંત્રી, કોમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટના ઇન્ચાર્જશ્રી જયરામ રમેશજીએ જણાવ્યું હતું કે આઝાદીની ચળવળ વખતે ૮૦ વર્ષ પહેલાં પૂજ્ય મહાત્મા ગાંધીજીએ "ભારત છોડો"નો નારો આપ્યો હતો ૮૦ વર્ષ પછી કોંગ્રેસે પક્ષે "ભારત જોડો"ની ઐતિહાસિક યાત્રા કરી રહી છે. આઝાદીની લડાઈ વખતે જે લોકોએ "ભારત છોડો"નું સમર્થન નહોતું કર્યું તે વિચારધારા આજે પણ "ભારત જોડો"નો વિરોધ કરે છે. દેશના ૧૨ રાજ્યોમાંથી પસાર થઇ ૩૫૭૦ કિલોમીટર પદયાત્રા ૧૫૦ દિવસ બાદ ઐતિહાસિક ભારત જોડો યાત્રા કન્યાકુમારીથી કાશ્મીર સુધી ચાલશે. સમગ્ર દેશમાંથી ૧૨૦ લોકો ભારત જોડો યાત્રામાં શ્રી રાહુલ ગાંધી સાથે સતત ચાલી રહ્યા છે. જેમાં ૧/3 મહિલાઓ સામેલ છે યાત્રામાં ચાલનારની સરેરાશ ઉમર ૩૮ વર્ષ છે. અત્યાર સુધી ભારત જોડો યાત્રાનાં ૧૭ દિવસ અને ૩૪૦ પૂર્ણ થયા છે. ગુજરાતના આશીર્વાદ સિવાય ભારત જોડો યાત્રા શરૂ ન થાય એટલે જ આદરણીય શ્રી રાહુલ ગાંધીએ ૫મી સપ્ટેમ્બરે સાબરમતી આશ્રમ આવીને પૂજ્ય બાપુના આશીર્વાદ બાદ ઐતિહાસિક "ભારત જોડો યાત્રા" શરુ કરી હતી ભૂતકાળમાં કેટલીક યાત્રાના કારણે દેશમાં રમખાણો થયા છે પરતું "ભારત જોડો" યાત્રા શાંતિપૂર્ણ અને શાંતિ માટે છે. દરરોજ સવારે ૬ કલાકે પૂજ્ય ગાંધી બાપુની પ્રિય પ્રાર્થના 'વૈષ્ણવજન તો તેને કહીએ' 'રઘુપતિ રાઘવ રાજા રામ' બાદ 'ભારત જોડો યાત્રા' પ્રસ્થાન કરે છે. ભારતમાં આર્થિક વિસંગતાઓ વધી રહી છે, બેરોજગારી, મોંઘવારી, ઉધોગપતિઓના દેવા માંફી તેના મુખ્ય કારણ છે, અર્થવ્યવસ્થા મજબૂત નહિ હોય તો દેશ ક્યારેય મજબૂત નહિ બની શકે, ચૂંટણી સમયે જ ધર્મ, જાતી , ભાષાના નામે મતોનું ધ્રુવીકરણ કરવામાં આવે છે, જેનાથી ભારત નબળું પડી રહ્યું છે, સંવેધાનિક સંસ્થાઓનો દુરુપયોગ, એજન્સીઓનો દુરુપયોગ કરવાની ભાજપની નીતિના કારણે દેશ તૂટી રહ્યો છે ત્યારે બંધારણ, સંવિધાનીક સંસ્થાઓને બચાવવા કોંગ્રેસ પક્ષે "ભારત જોડો યાત્રા" કરી રહ્યું છે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત વિશેષ પત્રકાર પરિષદને સંબોધન કરતા પૂર્વ કેન્દ્રીય મંત્રી એઆઇસીસીના મહામંત્રી, કોમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટના ઇન્ચાર્જશ્રી જયરામ રમેશજીએ જણાવ્યું હતું કે આજે ભારત જોડો વિશે અપ્રચાર થઈ રહ્યો છે. કેમ ‘ભારત જોડો’ યાત્રાના રૂટમાં ગુજરાત નથી? ગુજરાતમાં યાત્રા ૯૦ દિવસ પહેલા જ પહોંચી શકે અને સંગઠન ચૂંટણી માટે ધ્યાન ન આપી શકે, વધુમાં ચૂંટણી અને ભારત જોડો યાત્રાને કોઇ સંબંધ નથી માટે યાત્રા ગુજરાતમાંથી નથી થઇ શકી. કોંગ્રેસનો આ માસ કોન્ટેક્ટ પ્રોગ્રામ છે. તેવી જ રીતે આવતા વર્ષે ગુજરાતના પોરબંદરથી અરુણાચલ પ્રદેશ “ભારત જોડો યાત્રા” યોજાઈ થઈ શકે છે. દુનિયામાં કોઈ પણ રાજનૈતિક પાર્ટીના ઇતિહાસમાં ક્યારેય ન યોજાઇ હોય તેવી વિશાળ- લાંબી યાત્રા લઈને આદરણીય શ્રી રાહુલ ગાંધી નીકળ્યા છે ત્યારે ભાજપ પર તેની વિપરીત અસર જોવાની શરૂઆત થઈ ગઈ છે. ટી શર્ટ, કન્ટેનર, શૂઝ, જેવી કેટલીય બાબતોની આલોચના, ભાગવતજીનું અલગ અલગ લોકોને મળવું, ચિત્તા તમાશો વગેરે સાથે ભાજપ હેડલાઇન મેનેજમેન્ટ કરી રહી છે. ભારત જોડો યાત્રા બાદ ભાજપની સ્ટાઇલ બદલાઈ ગઈ છે ભાષા, ચાલમાં ફરક પડી ગયો છે નેશનલ ગેમ્સના પોસ્ટમાં પણ ‘ભારત જોડો’નાં સ્લોગન દેખાય છે ભારત જોડો યાત્રાથી ભાજપ ચિંતિત છે, ગભરાયેલી છે આજ ‘ભારત જોડો યાત્રા’ની સફળતા છે. ભારત આર્થિક અસમાનતા, સામાજિક ધ્રુવીકરણ, રાજકીય કેન્દ્રીકરણના કારણે વિખેરાઈ રહ્યું છે.ભાજપની નિયત અને નીતિના કારણે દેશ મુશ્કેલ સમયમાંથી પસાર થઇ રહ્યો છે. ભારત જોડો યાત્રામાં મન કી બાતને જગ્યાએ લોકોની ચિંતા કરાય છે. “ભારત જોડો યાત્રા”થી કોંગ્રેસનું સંગઠન મજબૂત બનશે અને વધુમાં વધુ લોકો લોકો કોંગ્રેસ પક્ષ સાથે જોડાશે ભારત જોડો યાત્રા કોંગ્રેસ માટે સંજીવની બનશે, કોંગ્રેસ વગર વિપક્ષની એકતા શક્ય નથી કોંગ્રેસ પક્ષ દરેક સત્યથી વેગળી દરેક બાબતે લીગલ નોટિસ આપી રહી છે આ નવી કોંગ્રેસ છે, આક્રમક કોંગ્રેસ છે. જડબાતોડ જવાબ આપવામાં આવશે.

ભારતમાં કોંગ્રેસ એકમાત્ર રાજકીય પાર્ટી છે કે જેમાં અધ્યક્ષની પણ ચૂંટણી થાય છે. સર્વસામાન્ય-સર્વસમાવેશીના નિર્ણયને કારણે ૧૨૫ વર્ષના ઇતિહાસમાં કોંગ્રેસ અધ્યક્ષની ચૂંટણી માત્ર ૪ વાર જ કરવી પડી છે. બાકી તમામ વખત કોંગ્રેસ સર્વસહમતીથી નિર્ણય લેવાયેલ છે. જો રાષ્ટ્રીય અધ્યક્ષની ચુંટણી માટે એકથી વધુ ઉમેદવારી કરશે તો કોંગ્રેસ સંગઠનની ચૂંટણી ૧૭ ઓક્ટોબરે યોજાશે અને ૧૯ તારીખે ચુંટણી પરિણામ જાહેર થશે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત વિશેષ પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશી, નેશનલ કો-ઓર્ડીનેટર અને મીડીયા ઇન્ચાર્જ શ્રી રાધિકા ખેરાજી, શ્રી અભય દુબેજી, રોહન ગુપ્તા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, મીડિયા કોઓર્ડીનેટર શ્રી હેમાંગ  રાવલ, પ્રદેશ મીડિયા પેનાલીસ્ટ શ્રી હિરેન બેન્કર ઉપસ્થિત રહ્યા હતા.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા